





પાળી-પોષી અડવાણીએ ઝટકા દીધા છે
ધાર્યું કરાવીને હંમેશાં ચટકા લીધા છે,
કટકા કીધા છે પક્ષ, સંઘને સમાજોના -
સત્તા ખટકે પ્રચારના લટકા લીધા છે




નિષ્ઠા ખૂટલ -
તું નહીં, ઔર સહી,
હવે અટલ!

સત્તા નો રોગ
એક પછી એક નો -
એ લે છે ભોગ!

## ચિંતન

**ત્યાજ્યં ન ધૈર્યં વિદુરે અપિ કાલે, ધૈર્યાત્મકદાચિદ્‌ગતિ માપ્નુયાત્સ ।**
**યથા સમુદ્રે અપિ ચ પાતભંગે સાંયાત્રિકો વાંચ્છતિ તર્તુમેવ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય - સામાન્ય નીતિનો આ શ્લોક 'ધીરજ' નું મહત્ત્વ સમજાવે છે :-

'માણસ નિરાધાર અવસ્થામાં આવી પડે ત્યારે, એવા સમયમાં પણ ધીરજ ન ગૂમાવવી જોઇએ પણ સ્વસ્થતાપૂર્ણ - શાંતિથી વિચાર કરી નિર્ણય લેવો જોઇએ. ધીરજ પૂર્વક વિચારવાથી કયારેક સારી પરિસ્થિતિને પ્રાપ્ત થઇ જવાય છે અર્થાત સારો ઉકેલ પ્રાપ્ત થઇ જતો હોય છે.'

અહીં દૃષ્ટાંત આપવામાં આવ્યું છે કે જેમ સમુદ્રમાં નાવ-જહાજ તૂટી જાય ત્યારે માણસો કંઇ ડૂબી જતા નથી પરંતુ ગમે તેમ કરીને પ્રાણ બચાવવા પ્રયત્ન કરે છે. તરી જવાના પ્રયાસ કરે છે, ધીરજથી કોઇ પણ સમસ્યાનો ઉકેલ પામી શકાય છે.

ધરતીકંપ-વાવાઝોડા-ત્સુનામી જેવાં પ્રાકૃતિક તાંડવ સામે માણસ સાવ વામણો અને નિરાધાર થઇ જાય છે છતાં જો ધીરજ ન ગુમાવે તો ફરી ઉભો થઈ જાય, અમેરિકાનો બ્લાસ્ટ, જાપાનમાં સુનામી, કચ્છનો ધરતીકંપ આવી અનેક પ્રાકૃતિક આફતો સમયે લોકોએ સહન તો ઘણું કર્યું પણ ધીરજપૂર્વક લડત આપી આજે એ જ નવા જોમ સાથે પ્રકૃતિ સામે છાતી કાઢી ઉભો જ છે ને!

## સુવિચાર

- પ્રકૃતિ એ આપણને એક અને બે કાન આપીને એ સંકેત આપ્યો છે કે બોલો તેનાથી બમણું સાંભળો **- એપિક ટેટસ**
- સાંભળો ત્યારે એવું ધ્યાનપૂર્વક સાંભળો કે જાણે આખું શરીર કાન બની જાય **- એસ. ભટ્ટાચાર્ય**
- જયારે, તમે જે બોલો છો તે તો તમે પહેલાં જ જાણો છો તે જ બોલો છો પણ જયારે સાંભળો છો તે તમારા માટે તદ્દન નવું છે માટે ધ્યાનથી સાંભળો **-દલાઇ લામા**
- સામેની વ્યક્તિની સંવેદના, ભાવનાને સહાનુભૂતિપૂર્વક સમજી તેની સરળ વાત પણ રસપૂર્વક, ધ્યાનથી સાંભળો **- ઓલિવર હોમ**
- ભલે આપણી વાત કોઇ સમજે કે ન સમજે પરંતુ તમારી વાત હંમેશાં સંક્ષેપમાં જ કહો **- બટલર**
- તમારો ભાવ હંમેશાં સંક્ષેપમાં જ વ્યક્ત કરો, અલ્પ શબ્દોમાં જ અધિકત્તમ ભાવ વ્યક્ત થતા હોય છે **- બાઇબલ**
- શબ્દો કરતાં પણ મૌનથી વધારે સમજાવી શકાય છે **- એસ. ભટ્ટાચાર્ય**

## બોધકથા

કેટલાક પ્રૌઢ-વૃધ્ધ-નિવૃત્તોને પોતાના જ પરિવાર સામે અનેક ફરિયાદો હોય છે અને આખો દિવસ જે મળે તેની પાસે પુત્ર-પુત્રવધૂ-પત્ની અને બાળકો પ્રત્યે બળાપો કાઢી પોતે દુખી દુખી છે એવું ચિત્ર ઉપસાવતા હોય છે. આ કંઇ દુખ કે ફરિયાદો છે જ નહીં માત્ર સ્વભાવ અને દૃષ્ટિ બદલવાની જ જરૂર છે.

આવો, એક દુખી વૃધ્ધ સોક્રેટીસ પાસે આવ્યો અને પૂછ્યું તમે નિવૃત્ત થઇ ગયા છો, વૃધ્ધ છો, સંયુક્ત પરિવારમાં રહો છો અને વળી તમે તો તમારી તમામ મિલ્કત તમારા પુત્રને નામે પણ કરી દીધી છે! તમને જીવન, પરિવાર, પુત્રો પ્રત્યે કોઇ ફરિયાદ નથી? તમે સદાય સ્મિત સાથે આનંદી કેમ દેખાવ છો?

સોક્રેટીસ કહે, તમારી વાત સાચી છે મને કોઇ પ્રત્યે કંઇ જ ફરિયાદ નથી, મિલ્કત સાથે મેં ઘર-ધંધાની જવાબદારી પણ પુત્રને સોંપી દીધી, હવે હું નિશ્ચિંત છું, એ ખોટ કરે કે ફાયદો હું એને પૂછતો નથી, સલાહ પણ આપતો નથી, પૂછે તો મારા અનુભવ પ્રમાણે મને સાચી લાગે તે સલાહ આપું છું માને કે ન માને એની પણ ચિંતા-પૃચ્છા કરતો નથી.

ખાવા આપે તે ખાઉં છું, બેસાડે ત્યાં બેસું છું. સોંપે તે કામ કરું છું. તેમના બાળકોને રમાડું છું. તેમની સાથે રમું છું. તે ભૂલ કરે તો ઠપકો આપતો નથી. મારી પત્નીનો સ્વભાવ પણ ઉગ્ર છે પણ તેને એ સ્વભાવ સાથે મેં સ્વીકારી છે મને એવી એ પ્રિય લાગે છે..'

જીવન પ્રત્યે તમે જેટલી ફરિયાદ કરશો એટલાં વધારે દુખી થશો. દરેકને એ છે એવા સ્વરૂપે સ્વીકારશો તો જ સુખી થશો.

# સહન કરવાની પણ હદ હોય છે

## હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

હમણાં હમણાં અખબાર દ્વારા એવું પ્રતીત થાય છે કે, આજકાલ થતાં છૂટાછેડા માટેના કારણો માત્ર અર્થહીન જ નહીં હાસ્યાસ્પદ પણ હોય છે. સમાચારમાં વજૂદ છે. એનો અર્થ એ પણ થયો કે આ પેઢીમાં સહનશીલતાનો અભાવ જોવામાં આવે છે. આથી લગ્ન બાદ પતિ યા પત્નીની લગ્ન પહેલાં કોઇ ખાસ આદત કે ખાસિયત હોય જે વિચિત્ર હોય અને ચલાવી લેવાને બદલે એ કારણસર છૂટાછેડાની માગણી કરવામાં આવે છે. પહેલાંનાં વખતમાં સ્ત્રીઓ પુરૂષોની જોહુકમી અને મનમાની ચલાવી લેતી હતી. એ જ પ્રમાણે પુરૂષો પણ સ્ત્રીઓની રસોઇની અણઆવડત, કપતાં-લત્તાં પહેરવા ઓઢવાં. બોલવા ચાલવાની ફુવડતા ચલાવી લેતા હતા. આ પ્રકારનાં લેવાની, એકબીજાની ઓછપ સહન કરી લાગતાં. એકબીજાને ચલાવી લેવાની, એકબીજાની ઓછપ સહન કરી લેવાની વૃત્તિ માટે એ વખતની પત્ની નહીં પણ માતા-પિતા, સાસુ-સસરા, ભાઇ-બહેન, દિયર-જેઠ, નણંદ હોવાને લીધે વ્યક્તિઓની ઊણપો ઢાંકી દેતી હતી. પણ હવે લગ્ન બાદ મોટે ભાગે પતિ-પત્ની જુદાં રહેવા જાય છે અને આથી એકબીજાની અણઆવડત એમના ધ્યાનમાં તરત જ આવી જાય છે. એમાં જો ચલાવી લેવાની વૃત્તિ ન હોય તો પછી વાત છૂટાછેડા સુધી પહોંચી જાય છે.

પહેલાંના લોકોમાં જેટલી સહનશીલતા હતી એટલી આજના યુવાનોમાં નથી. એ વાત સોએ સો ટકા સાચી છે. મા જે ધીમા તાપે રાંધતી તે વાનગી પત્ની કૂકરમાં બનાવે છે. એટલે છૂટાછેડા જોઇએ છે, એવા કારણો વધુ પડતાં છે. પરંતુ દર વખતે વાત એવી હોતી નથી. પત્ની યા પતિની અમુક કારણસર જયારે છૂટાછેડા માગવામાં આવે છે ત્યારે છૂટાછેડાની પીટીશનમાં જીવનની રોજિંદી ઝીણી ઝીણી બાબતો લખવામાં આવે છે,એ બધી બાબતો તમે જુદી જુદી વાંચી કે સાંભળો અથવા તપાસો તો તેમાંનું એક એક કારણ તમને હાસ્યાસ્પદ લાગશે પણ જો બધાં જ કારણે અને બદાં જ દૃષ્ટાંતો એકત્ર કરીને વિચારશો તો તમને સમજમાં આવશે કે એ બધાં જ કારણોના લીધે પતિ યા પત્ની ઉપર ત્રાસ થઇ શકે છે અને આથી એ કારણો એકલાં ન તપાસતાં એ બધાં જ કારણોની વ્યક્તિ ઉપર શું અસર નહીં લાગે. એક પુરૂષને એની પત્ની જયારે કોઇ પણ ચીજ માટે પૈસા માગે ત્યારે 'તું તો હંમેશા પૈસા જ માગ્યા કરે છે.' 'આ જો મારાં ખિસ્સાં ખાલી છે.' એમ કરીને પાટલૂનનાં ખિસ્સાં બહાર કરીને બતાવવાની ટેવ હતી. એ પતિદેવને અસંખ્ય સ્ત્રી મિત્રો હતી અને તેના વર્તન ઉપરથી એવું જણાતું હતું કે આ બધી સાથે તેને અંગત સંબંધ પણ હશે. આ સ્ત્રીએ જયારે છૂટાછેડાનો કેસ દાખલ કર્યો, અને એમાં એના પતિના કયા કયા વ્યવહારો ત્રાસરૂપ હતા, એના દૃષ્ટાંતો આપ્યાં ત્યારે એ બધાં જ દૃષ્ટાંતોની એકંદરે અસર એ સ્ત્રી ઉપર શું થતી હશે એવું વિચારવાને બદલે જજ સાહેબે એણે આપેલા દૃષ્ટાંતો છૂટાં છૂટાં તપાસ્યાં અને ક્રૂઅલ્ટીના ગ્રાઉન્ડ ઉપર માગવામાં આવેલા છૂટાછેડાની પીટીશન ડિસમિસ કરી. પોતાના જજમેન્ટમાં એમણે એવું અર્થઘટન કર્યું કે પતિ પૈસા આપવાની ના પાડે એને કંઇ અત્યાચાર કે ત્રાસ ન કહેવાય.

આજના મોંઘવારીના જમાનામાં પતિને ઘણીવાર પત્નીની પૈસાની માગણી પૂરી કરવાની લાયકાત ન હોય, એટલે એ પૈસા આપવાની ના પાડતો હોય. આવા વર્તનને ત્રાસદાયક વર્તન લેખાવી ન શકાય. જો જજ સાહેબે જરાક ઊંડા ઉતરીને વિચાર કર્યો હોત અને જો એમણે એ વાત ધ્યાનમાં લીધી હોત કે સવારના પહોરમાં શાકભાજી લેવા જવું હોય એ વખતે પત્ની પૈસા માંગે અને પતિ ઉડાઉ છે. મોંઘા શાકભાજી ખરીદવાની શું જરૂર છે. કઠોળ રાંધવું એવું રોજ કહે, ઘરઘાટીને પગાર આપવાનો હોય એ વખતે પણ જો પતિ એમ કહે કે આખો દિવસ ઘરમાં પાડાની જેમ પડી રહે છે, તો જો ઘરનું કામ હાથે કરતી હોય તો ઘરઘાટી રાખવો ન પડે. બહાર જાય ત્યારે તો ટેક્સીનાં તો નહીં, પણ બસના પૈસા આપવા બાબતે પણ વર જયારે ત્રાગાં કરે, ડોકટરનું બિલ ચૂકવવાનું હોય ત્યારે પણ ચાર-પાંચ દિવસ ટટળાવીને દસ પંદર વાર માગણી કરે ત્યારે જ ફીના પૈસા આપે. આવું રોજ થતું હોય, શું એને ત્રાસ ગણી ન શકાય? પરંતુ, જજ સાહેબે તો ખાલી એક જ પ્રસંગને ધ્યાનમાં લીધો. દિવસના દસ-બાર વખત એ ઘટના બને છે. આ જ પુરૂષની સામે એની પત્નીએ આક્ષેપો કર્યા હતા કે એના પતિની ઘણી સ્ત્રી મિત્રો છે અને જે છૂટથી એ એમની જોડે હળે-ભળે છે, એના લીધે એને માનસિક ત્રાસ થતો હતો. જજ સાહેબે આ આક્ષેપને આજના મોડ્ર્ન જમાનામાં પુરૂષોની સ્ત્રી મિત્રો હોય અને એમની જોડે તેઓ હળે મળે એને કારણે એ પુરૂષો એમની પત્નીઓની માનસિક ત્રાસ પહોંચાડે છે. એ વાત માનવા કોઇ તૈયાર નથી. જણાવીને એમણે છૂટાછેડા માટેનું એ કારણ પણ નકારી કાઢ્યું. જજ સાહેબે એ વાત ધ્યાનમાં ન લીધી કે સ્ત્રીના પતિ રોજ સાંજના એની જુદી જુદી સ્ત્રી મિત્રો જોડે કલબમાં જતો હતો અને 'અમે તમારા હસબન્ડને કોઇ સ્ત્રી જોડે ફલાણી જગ્યએ જોયો છે.' એવું એ સ્ત્રીને એના સગાં અને મિત્રો દર બીજા દિવસે કહેતાં હતાં.

આજકાલના યુવકો વાહિયાત કારણોસર છૂટાછેડા માગે છે એવું એમણે દર્શાવેલા એક જ કારણે જાણીને કહેવું ન જોઇએ. હા, હું એ વાત જોડે જરૂરથી સંમત થાઉં છું કે આજના યુવાનોમાં સહનશીલતાની ઓછપ છે પણ આમ જુઓ તો આખા સમાજમાં આજે સહનશીલતાના ઊણપ જણાય છે.

**- સંદર્ભ : મુંબઇ સમાચારની વામા પૂર્તિનાં આધાર**

### સર્જક કેશુભાઇ દેસાઇનાં 'છૂટાછેડા' વિશેના સ્પષ્ટ વિચારો

પ્રિય અચના,

તેં છૂટાછેડા વિશે મારા વિચારો જણાવવાની માગણી કરી છે. ટૂંકમાં જણાવીશ.

આમ જુઓ તો લગ્ન એ માનવી એ સંસ્કૃતિના ઉચ્ચતર તબક્કે સ્વીકારેલું સ્વૈચ્છિક બંધન છે. એ પ્રકૃતિ નથી, સંસ્કૃતિ છે. માણસે સામાજિક સુવ્યવસ્થા જળવાય એ હેતુથી લગ્ન સંસ્થા ઊભી કરીને ખુદ પોતાના જ પગમાં બેડી પહેરી દીધી છે. એથી 'સંસ્કાર' ગણાતા લગ્ન બંધનને એળે કે બેળે આજીવન નિભાવવું જ, એવી એક ખોટી માન્યતા આપણા માનસમાં દૃઢ થઇ ગઇ છે. 'છૂટાછૂટા' લેનારાં યુગલો પ્રત્યે એકવીસમી સદીમાં પણ હજી ગર્ભિત સૂગ પ્રવર્તતી જોવા મળે છે. પરંતુ જિંદગીથી મોંગી મિરાત બીજી કઇ હોઇ શકે? જો બે પાત્રો એકમેકની સાથે સુમેળથી ન જીવી શકતા હોય - જિંદગી ઝેર જ બની જવાની શક્યતા ઊભી થઇ ગઇ હોય, તો બહેતર છે કે બેઉ પોતપોતાની રીતે સવેળા જુદાં થઇ, નવી જિંદગી શરૂ કરે. દુખિયારાં અને ઓશિયાળાં થઇ ઢસરડો કૂટવો એ કરતાં આપણી જિંદગી આપણી શરતે જીવવામાં જ મજા છે.

**આજના મોંઘવારીના જમાનામાં પતિને ઘણીવાર પત્નીની પૈસાની માગણી પૂરી કરવાની લાયકાત ન હોય, એટલે એ પૈસા આપવાની ના પાડતો હોય, આવા વર્તનને ત્રાસદાયક વર્તન લેખાવી ન શકાય**

# લાગણીનો છેડો ભીનો કરતી સમાજને 'નીલકંઠ' બનવા પ્રેરતી કથા

## શબ્દ સમીપે


- નટવર હેડાઉ

ગુજરાતી સાહિત્યમાં નવલકથા સાહિત્યપ્રદ તરીકે ખુબ જ પ્રભાવકારી રહ્યો છે. સામાજિક સંપ્રજ્ઞતા અને વિષય વૈવિધ્ય નવલકથાનો લોકપ્રિયતાનું કારણ ગણી શકાય. પરંતુ ગુજરાતી દલિત સાહિત્યમાં નવલકથા ક્ષેત્રે જે ખેડાણ થયું છે. તેમાં દલિત વિષય વસ્તુ અને દલિત સંવેદના અભિવ્યક્ત કરતી નવલકથાઓ બિન દલિત લેખતો દ્વારા સારા પ્રમાણમાં મળી છે.

ગુજરાતી સાહિત્યમાં નંદશંકર મહેતા પ્રથમ નવલકથા તરીકે 'કરણ ઘેલો' લઈને આવે છે. તે પહેલાં સોરાબશા મનુસફ 'હિન્દુસ્તાન મધ્યેનું એક ઝૂપડું' અનુવાદિત નવલકથા લઈને આવ્યા હતા. જેમાં દલિત સાહિત્યના તમામ વ્યાવર્તક લક્ષણો જોતાં દલિત સાહિત્યને તેને પ્રથમ નવલકથા કહી શકાય. ત્યાર બાદ સોપાનની 'પ્રાયશ્ચિત', ગુણવંતરાય આચાર્યની 'કરાળ કાળ જાગે' સ્નેહ રશ્મિની 'અંતર પટ', ઈશ્વર પેટલીકરની 'કલ્પવૃક્ષ', રામચંદ્ર પટેલની 'વરાળ', પિનાકિન દવેની 'પ્રલેખ પંથ', રઘુવીર ચૌધરીની 'ઈચ્છાવર', જયંત ગાડિતની 'દબદબાતી ક્ષિતિજ', ચીનુ મોદીની 'કાળો અંગ્રેજ' અને કિશોરસિંહ સોલંકીની 'મશારી' ગણી શકાય. આ નવલકથાઓમાં શોષણ, દમન અને વ્યથાપૂર્ણ દલિતોની આપવીતી મળે છે. પરંતુ દલિત નવલથામાં દલિત સાજનો પરિવેશ, સમસ્યા, વિષય વસ્તુ અને સૂક્ષ્મ ભાવોની વાસ્તવપૂર્ણ અભિવ્યક્તિ કલાત્મક રીતે આલેખાઈ છે. તેમાં વેદના છે, વ્યથા છે અને ચેતના છે.

જૉસેફ મૅકવાન પછી હયાત દલિત લેખકોમાં નવલકથા ક્ષેત્રે જો કોઈ અગ્રિમ પંક્તિમાં મુકાય તેવા લેખક હોય તો એ દલપત ચૌહાણ છે. તેમની નવલકથાઓમાં આપણને દલિત સમાજ અને અન્ય સમાજના વર્ગો સાથેના સંબંધો અને તેમાંથી પરિમણતી વ્યથાના વિતકનું ચિત્રણ મળે છે. જેમાં તાજેતરમાં પ્રગટ થયેલ તેમજ નવલકથા 'ભડ ભાંખલું' અને તેની ઉતરાર્ધ રૂપે લખાયેલી નવલકથા 'રાશવા સૂરજ' માં પાત્રો દ્વારા નિરૂપણ છતાંય નાયક-નાયિકા નથી. સમુહ માનસ છે. અને આ બાબત તેમની અન્ય નવલકથાઓ જેમકે 'મલક', 'ગીધ', વિગેરેમાં પણ જોઈ શકાય છે. તેને આપણે દલપત ભાઈની વિશેષતા ગણી શકીએ.

'રાશવા સૂરજ' નવલકથામાં ગામડાના માનવીઓ આઝાદી પૂર્વે ધીમે ધીમે શહેરો તરફ આકર્ષાયા છે અને નવી મહેનત મજૂરી, ધંધા અર્થે ગામડાં છોડતાં ગયા તેની કથા અહીં છે. સાથે ગામમાં આધિપત્ય ધરાવતી જાતિઓ વચ્ચે અસ્પૃશ્યોની સમાજ સાથે ટકી રહેવાની મથામણ પણ ચિત્રિત થયેલ છે. જેમાં બધી જાતિઓના કોઈને કોઈ સ્વરૂપે સંદર્ભ સચવાયા છે. કેન્દ્રમાં અસ્પૃશ્ય જાતિઓ છે. તેમ છતાં આ કથા ફક્ત અસ્પૃશ્ય સમાજની જ નહીં પરંતુ આઝાદી પૂર્વેનું એક નાનકડું ગામ તેની અસ્સલ રૂપરંગ - પરિવેશમાં વિસ્તરીને બેઠેલું જોઈ શકાય છે. તેથી જ આ નવલકથાના વિષય વસ્તુ અંગે ખુદ લેખક કહે છે કે અહીં કથા સ્વયં દલિત સમાજ અને અદલિતને કહો, આખા ગામને લઈ આગળ ચાલે છે. કેટલીક અજાણી રહેલી ઘટનાઓ, પાત્રોને આલેખવા માટે લેખકે 'રાશવા સૂરજ' નો આશરો લીધો છે. જેમાં તેમણે પોતાની અગાઉની કથાના પાત્રોના જીવનના, બીજા ખાંખાખોળા કર્યા છે. મણિ, વાલો, અંબા, પશા, નાથા, ઉગરા ભગત જેવાં દલિત પાત્રો સાથએ જેઠા બેચર, મૂળો, અને બીજા કેટલાંય પાત્રો અહીં પોતાને ભોગે આવતું ચરિત્ર દર્શન કરાવે છે. તો નારસંગ મુખી, નાનજી ભગત સાથે રઈ અને બીજા કેટલાંક પાત્રો આખા ગામના ચરિત્રને આપણી સામે મુકી આપે છે. નવલકથામાંથી પસાર થતાં તે સમયની સમાજ વ્યવસ્થા જુદી જુદી જાતિના લોકોની સ્વભાવગત જીવન પધ્ધતિ તેનાં દૂષણો, ગામને છેવાડે જીવતા લોકોને વન્ય પ્રાણીઓનો ભય સે




સમયની વન વગડાની સ્થિતિ, પોલીસનો કડપ અને કાયદાના શાસનનો અમલ તેના નામે ચાલતા ભ્રષ્ટાચારને પણ લેખકે, ખુબ સરસ રીતે રજૂ કર્યો છે. કહેવાય છે કે, સત્ય કડવું હોય છે. તે સાચું જ છે. 'રાશવા સૂરજ' નું સત્ય સમાજને નીલકંથ બનવાનું નિમિત્ત પુરૂં પાડે છે. વળી તળપદી સ્થાનિક લોક બોલીનો વિનિયોગ કાર્યસાધક રૂપમાં કરવાની લેખકને ફાવટ હોવાથી પાત્ર-પ્રસંગ-પરિસ્થિતિઓ અને તજજન્ય ચરિત્રગત મનઃ સ્થિતિઓનું ચિત્રણ નવલકથામાં સાહજિક અને પ્રતીતિકર બની શકયું છે. દલિત અને અદલિત સમાજના લોકોની વાણીમાં કહેવતો - રૂઢિપ્રયોગોના સાર્થ - વિનિયોગ ને કારણે પાત્રો જે સમય અને સમાજમાં શ્વસે છે તેનો પરિવેશ સાહજિક સ્પર્શક્ષમ રૂપમાં ઉપસી આવ્યો છે. સંવાદ વર્ણન કથનગત ગદ્યની માવજતમાં જોવા મળતી લેખકની અભિવ્યક્તિગત સૂઝ-સજજતા આ નવલકથાનું મોટું જમા પાસું છે. તેથી જ રઘુવીર ચૌધરી લખે છે કે, 'દલપત ચૌહાણ' નવલકથામાં તથ્યો સાચે છૂટ લેતા નથી. બલ્કે તથ્યોને, ઝીણામાં ઝીણી વિગતોને પાત્રો અને પ્રસંગોના નિરૂપણમાં વણી લઈને નોખી રીતે કથારસ જગાવે છે.'

દલપતભાઈ તેમની વાચાળ પ્રકૃતિને કારણે મિત્રોના ટોળામાં જુદા તરી આવે છે. મહેસાણા જિલ્લાના મંડાલી ગામે તા. ૧૪-૪-૧૯૪૦ માં જન્મ. અભ્યાસ. બી.એ. સુધી, સાહિત્ય ક્ષેત્રે પ્રવૃત્ત લેખકને કવિ નરસિંહ મહેતા એવોર્ડ, દાસી જીવણ એવોર્ડ, તેમજ ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદના અનેક પુરસ્કારો મળ્યા છે. તેમની મહત્ત્વપૂર્ણ કૃતિઓમાં નવલકથાઓ, મલક, ગીધ, ભળભાંખરું, કયાં છે સૂરજ (કાવ્ય સંગ્રહ) અનાર્યવર્ત દિવાલો જેવા નાટકોનો સમાવેશ થાય છે. દલપત ભાઈને તેમની નવલકથા 'રાશવા સૂરજ' માટે અભિનંદિન પાઠવું છું. 'ગુર્જર સાહિત્ય ભવન' દ્વારા નવલકથા ને પ્રસિધ્ધ કરવા બદલ શુભેચ્છાઓ આપું છું.

**'રાશવા સૂરજ' (નવલકથા)**

**લેખક - દલપત ચૌહાણ**

**પ્રકાશક - ગુર્જર સાહિત્ય ભવન, રતનપોળ નાકા, ગાંધી માર્ગ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨**

**પૃષ્ઠ - ૧૦ + ૨૭૮, કિંમત - રૂા. ૧૭૫/-**

# હે ભગવાન મારા પર કૃપા કરી અમારું સંકટ દૂર કરજો, બોલતાં બોલતાં સંધ્યા ભગવાનના ચરણમાં ધ્રુસકા ભરતી ભરતી આક્રંદ કરવા લાગી

## પરણેતરની પ્રીત

(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૨૧)

- જયંતીલાલ મકવાણા

(ગતાંકથી આગળ...)

'બહું સારું થયું, ઘણા સમયે તું આવ્યો.' ભાવવિભોર થતાં સોનબા બોલ્યાં.

દેવો મા-બાપના પગમાં પડ્યો સોનબા ઓવારણા લેતાં લેતાં બોલ્યાં 'બેટા દેવા તું તો તારા મા-બાપને ભુલી ગયો કે શું?'

ના, બા એવું નથી પણ પરીક્ષા નજીક આવે એટલે મહેનત તો કરવી જ પડે ને!

'અરે, દિકરા પણ તું કેટલા મહિને આવ્યો?'

'બા, મારી ભૂલ થઈ ગઈ બસ!'

રાત્રે વાળું કરી બધા બેઠાં હતાં ત્યારે સોનબાએ કહ્યું, 'દેવા, તું એક વખત વહુને તો મળી આવ!'

વહુની વાત સાંભળતાં દેવો ગુસ્સે થઈ ગયો ને કહ્યું,'બા, અત્યારે તું એનું નામ મારી પાસે ન લેતી?

'અલ્યા દીકરા, એ તો તારી પત્ની છે! તું આમ તેમ બોલે છે?'

'બસ બા, હું એના વિશે કાંઈ સાંભળવા માંગતો નથી!'

'પણ તને ખબર છે? અમુ ને શું થયું છે?'

'બા, મારે તેના વિશે કોઈ ચર્ચા કરવી નથી!'

'અરે, દેવા, તું શું બોલે છે એનું તને કાંઈ ભાન છે.'

'હા, બાપુજી હું ભાનમા જ છું, મારી સાથે અમુ બાબત કોઈ ચર્ચા કરશો નહી.'

'કેમ?'

'બા, મને વારંવાર એકનો એક પ્રશ્ન પૂછવાની કોઈ જરૂર નથી.'

'દેવા તને ખબર છે ગામમાં આપણું ઘર મોટું ગણાય છે. મુખી તરીકે હું ગામમાં પુજાઉં છું. આખા ગામના પ્રશ્નોનું નિરાકરણ હું કરું છું. અને તું મને કહે છે કે મારી પત્ની વિશે કોઈ પ્રકારની ચર્ચા કરવા માંગતો નથી. તો આપણી આબરૂનું શું?' મુખીએ કડક શબ્દોમાં કહ્યું.

મધરાત સુધી દેવા સાથે સોનબા અને મુખીએ અમુને મળવા જવાનો આગ્રહ કર્યો પરંતુ દેવો એકનો બે ન થયો તે ન જ થયો.

વહેલો પરોઢિયે દેવું ઘર છોડીને શહેર જવા નીકળી ગયેલ. દેવાને ન જોતાં સોનબા આક્રંદ કરવા લાગ્યા. 'દેવા.. ઓ.. દેવા.. તને શું થઈ ગયું?' બોલતાં બોલતાં સોનબા હિબકા ભરવા લાગ્યા.

સંધ્યાના પિતાના હૈયામાં આગ સળગી હોય તેવી તે વેદના તેમના શરીરમાં થતી હતી. આગનો સ્વભાવ છે કે તેમાં સપડાયેલી વસ્તુને બાળીને ખાખ કરી નાખે. પણ આ આગ એવા પ્રકારની હતી કે માણસ જીવતા જીવતા બળે. આથી તે ન જીવી શકે કે મરી શકે, આવી મુશ્કેલીમાં આવી પડેલા તે ચિંતામાને ચિંતામાં દુખના માર્યા ધરતી પર ફસડાઈ પડયાં.

વહેલાં પરોઢિયે સંધ્યાની આંખ ખુલ્લી ગઈ તે પથારીમાંથી બેઠી થઈ. સવારની ક્રિયા પતાવી સ્નાન કરી તૈયાર થઈ પુજાની રૂમમાં ભગવાન સામે બેઠી. તેનું હૈયું ભરાઈ આવ્યું. તે ભગવાન સામે હિબકા ભરવા લાગીને આંસુ સારતી બોલી ઊઠી, 'હે ભગવાન, મારા પિતાજી પર આવી પડેલી આફત દુર કરી દેજો. મને નોકરી મળી જાય તો ભાડાના મકાનમાં પણ રહી શકીએ. હે ભગવાન મારા પર કૃપા કરી અમારું સંકટ દૂર કરજો.'બોલતાં બોલતાં સંધ્યા ભગવાનના ચરણમાં ધ્રુસકા ભરતી ભરતી આક્રંદ કરવા લાગી.

સંધ્યા આંસુ સારતી પુજામાંથી ઉભી થઈ અને તેના મમ્મી પાસે જઈ કહ્યું, 'મમ્મી, તું ચિંતા ન કરીશ હું મકાન માલીકને વિનંતી કરતા કહીશ કે મને નોકરી મળી જાય ત્યાં સુધી રહેવા દિયો તો સારું.'

'અરે બેટા, તને ખબર છે મકાન માલિક માને એવા નથી. એમને હવે મકાન ભાડે આપવું નથી. એમને તો વેચી દેવાનું છે. એટલે એ ધીરજ ધરે એવા નથી.' બોલતાં બોલતાં સંધ્યાના મમ્મીની આંખોમાં ઝળઝળીયાં આવી ગયા.

સંધ્યાએ ચા બનાવી. બધાં ચા - નાસ્તો કરવા બેઠાં. તે જ સમયે મકાન માલિક ઘરાક ને લઈને મકાનમાં પ્રવેશ કર્યો. મકાન માલીકને જોતાં જમનાદાસના હૃદયની ધડકન વધી ગઈ તેમને ચિંતા થવા લાગી. જમનાબેને ખપરશી આપતાં કહ્યું, 'આવો.. આવો.. શેઠ, બેસો.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૪થી જૂન**

- ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક, લેખક બહુમુખી પ્રતિભા ધરાવનારા રણજીતરામ મહેતાની પૂણ્યતિથિ ૪-૬-૧૯૧૭. વિદ્વાનો - લેખકોને એકઠાં કરીને સાહિત્ય વિકાસની ચળવળ ઉભી કરનારા રણજીતરામ સાહિત્ય પરિષદના પ્રણેતા હતા. દરિયામાં ડૂબી જવાથી આ સારસ્વતનું અવસાન થયું. ૧૯૨૮ થી તેમના નામે સાહિત્ય સભા દ્વારા 'રણજીતરામ સુવર્ણચંદ્રક' અપાય છે. જે ગુજરાતી સાહિત્યમાં પ્રતિષ્ઠિત ગણાય છે.
- ૧૭૬૪માં કલાઇવ લોઇડ બંગાળનાં ગર્વનર તરીકે આવ્યા.

# શિક્ષણમાં અરાજકતા નાથવા નવેસરથી વિચારીએ

**તંત્રી સ્થાનેથી...**

'એમ.એ. ની ગુજરાતી પરીક્ષામાં કોર્ષ બહારના પ્રશ્નો પુછાતાં વિદ્યાર્થીઓનો બહિષ્કાર.', 'ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની માર્કશીટ સાથે કોમર્સની પુસ્તિકાઓ વહેંચાઈ.', 'ઈજનેરી શાખામાં ૧૫,૦૦૦ બેઠકો ખાલી રહેશે.', 'એક એડમીશન સામે એક એડમીશન ફી' આ અને આવા અનેક શિક્ષણ મતલબનાં સમાચારો હ્રદયને હચમચાવે છે, કેવી હાલતે મૂકાયું છે આપણું શિક્ષણ? કયાં લઈ જવી છે આપણી ભાવિ પેઢીને? હજુ કેટલું વરવું શિક્ષણનું પ્રદર્શન કરવું છે આપણે? કેટલી હાટડીઓ માંડવી છે? કોઈ પણ સજાગ નાગરિક હચમચી જાય તેવો માહોલ નિર્માણ થયો છે. કોનું કયાં નિયંત્રણ છે? એ સમજાતું નથી. K.G. થી લઈને P.G. સુધીનાં તમામ સ્તરે અને તમામ શાખાઓમાં વ્યાપક અરાજકતા અનુભવાય છે. શિક્ષણનો સાચો આત્મા કયાંય દેખાતો નથી. બધું ખોખલું ખોખલું લાગે છે. નથી સરકારને ચિંતા, નથી સમાજને સમય અને વિદ્યાર્થીઓને તો પડી જ નથી. શિક્ષણના આ ત્રણેય ખૂણામાં ભયાનક વિસંવાદિતા પ્રર્વતે છે. કેટલાક અપવાદરૂપ સંસ્થાઓને બાદ કરતાં બધે જ શિક્ષણના નામે વેપાર ચાલે છે.

સમાજમાં ચારે તરફ ડીગ્રી માટેની દોડાદોડ છે. કોઈકને ડીગ્રી મેળવવી છે. કોઈકને પૈસા મેળવવા છે, તો કોઈકને ડીગ્રીનો દેખાડો કરી જીવનના સંબંધો બાંધવા છે. તો કોઈકને ડીગ્રીના કાગળ બતાવી જીવનના સંબંધો બાંધવા છે. તો કોઈકને ડીગ્રીના કાગળ બતાવી આજીવિકા પ્રાપ્ત કરવી છે. પરંતુ કોઈને શિક્ષણ મેળવવું નથી. અને કોઈને શિક્ષણ આપવું નથી. આ કમનસીબ સમીકરણ છે, પણ સત્ય છે. રાજકારણીઓને શિક્ષણના ક્ષેત્રે વિકાસના આંકડા બતાવવા છે. કોલેજો અને કેમ્પસો ઉભા કરવા છે. વિદ્યાર્થીઓ વધ્યા, સંસ્થાઓ વધી, સીટો વધી. એનો પ્રચાર કરવો છે અને એનો યશ લેવો છે. વાલીઓને કોઈ પણ ભોગે પોતાના સંતાનોને ઉજળી નોકરી મળે કે ઉજળી કારકીર્દી બને તેવી ડીગ્રી જોઈએ છે. સમાજ કે શાસન બેમાંથી કોઈને ચિંતા નથી. આ અરાજકતા છે. આ અરાજકતાના ઉકેલ માટે ગોળમેજી પરિષદ યોજવાનો સમય આવી પહોંચ્યો છે. નવેસરથી સમગ્ર શિક્ષણની પ્રક્રિયા અંગે વિચાર કરવાનો સમય બારણે ટકારા મારે છે.

## વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ

- અમૃતભાઇ મોઢ

## હે ભગવાન મારા પર કૃપા કરી અમારું સંકટ દૂર કરજો, બોલતાં બોલતાં સંધ્યા ભગવાનના ચરણમાં ધ્રુસકા ભરતી ભરતી આક્રંદ કરવા લાગી